

# સાધુ હૃદયની પ્રાર્થનાગંગા

## હે વ્હાલાં આત્મીય સ્વજનો !

હે પ્રત્યક્ષ પ્રગટ સ્વરૂપનાં વ્હાલાં જનો !
હે શુધ્ધ ઉપાસના સમજી જીવતાં અનુપમ ભક્તો !

નૂતન વર્ષ ૨૦૨૧નો શુભારંભ થયો !
ચાલો ! આપણે સંકલ્પ કરીએ...
શ્રીજી અને સ્વામીનાં વચનો ઝીલીએ
યોગીબાપા અને સાહેબજીને રાજી કરીએ
અંતર આતમ શુધ્ધ પવિત્ર કરી લઈએ
મનની વૃત્તિ પ્રત્યક્ષ પ્રભુ આકારે કરીએ
બુધ્ધિ સત્પુરુષ ચરણે સંપૂર્ણ ધરી દઈએ
ચિત્તમાં પ્રભુને રાજી કરવા ચિંતન કરી લઈએ
'સ્વ' ઓગાળી રોમ રોમ પ્રભુ પ્રત્યક્ષને પધરાવીએ.
પરમનો પ્રકાશ પામી–ધારી, જીવતાં રહીએ.

હે પ્રભુ પરમ ! હે શાસ્ત્રીજી મહારાજ !
હે યોગીબાપા ! હે સાહેબજી !
હે પ્રભુનાં પ્રત્યક્ષ દિવ્ય સ્વરૂપો !

અમારા આ સંકલ્પમાં બળ પૂરજો !
આપ બળ પૂરો જ છો... તે સ્વીકાર કરાવજો
આ સંકલ્પ અમારું ધ્યેય બનાવજો !
અમે આ માગ્યું તે આપ દઈ રહ્યા છો તે મનાવજો !
આપ દેશો ત્યારે આસપાસ જે બને છે
તેના કર્તા આપ જ... અમારું રૂડું કરો છો
અમને શુધ્ધ કરો છો... નિષ્ઠા પાકી કરાવો છો
સર્વના પ્રેરક આપ જ છો
તે માની આપની સ્મૃતિ સાથે ભજન કરવા
'સ્વામિનારાયણ' મહામંત્રનું બળ લેવા
જાગ્રત રહીએ... તે કરાવજો... અમને સ્થિર રાખજો.
નૂતન વર્ષ ૨૦૨૧માં આ સંકલ્પ સિદ્ધ કરાવજો !



સાધુ શાન્તિદાસના
જય સ્વામિનારાયણ.

બ્રહ્મજ્યોતિ, નૂતનવર્ષ ૨૦૨૧ પ્રારંભ